| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ થયા તા. | ૨૮–૦૨–૨૦૨૬ | | |
| અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૮–૦૨–૨૦૨૬ | | |
| અરજી ફૈંસલ કર્યા તા. | ૦૬–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૦૬ |

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્દનગર**

| |
|---|
| **ફોજદારી પરચુ. અરજી નં.૨૨૩/૨૦૨૬** |
| **આંક: ૦૬** |

**અરજદાર :** **સુરજકુમાર નેકરાજ શીલારામ**
મુળ રહે.ચુરા ખુર્દ છાની પો.સ્ટેશન દોષપુર
તા.કલનોર, જી.ગુરુદાશપુર, પંજાબ
હાલ: સુરેન્દ્દનગર સબ જેલ

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર**

---

**વિષય::–** **<u>દિવસ–૧૫ ના વચગાળાના જામીન મેળવવા અંગેની અરજી.</u>**

---

| | |
|---|---|
| અરજદાર/આરોપી તરફે | એલ.એ.ડી.સી.વિ.વ.શ્રી ટી.એ.વ્યાસ |
| સામાવાળાશ્રી સરકાર તરફે | વિ.એ.પી.પી.શ્રી એમ.પી.સભાણી |

---

**–:: ઠ રા વ ::–**

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧)** આ કામમાં જે એફ.આઈ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

'' તે એવી રીતે કે આ કામના ફરીયાદીનો નાનો ભાઈ રામઅયોધ્યા ગનપત પોતે ડ્રાઈવીંગનો ધંધો કરતો હોય અને કોઈ અજાણ્યા ઈસમે કોઈ કારણોસર ફરીયાદીના ભાઈ રામઅયોધ્યા ગનપતને કોઈ તીક્ષ્ણ હથીયાર વતી ગળાના ભાગે ગંભીર ઈજા કરી તેમજ ડાબા હાથના અંગુઠા તથા ટચલી આંગળી ઉપર તીક્ષ્ણ હથીયારથી ઈજા કરી મોત નીપજાવી ગુનો કર્યા બાબત.''

**(૨) જામીન અરજીની હકીકત :**

**(એ)** ઉપરોકત હકીકત બાબતે ચોટીલા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧ ૦૦૯૨૩૦૩૦૩/૨૩ થી ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુનો અરજદાર આરોપી વિરુધ્ધ નોંધાવેલ છે. સદર કામે પોલીસ ધ્વારા અરજદારની અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલા અને અમોને કસ્ટડીમા મોકલેલા છે. અમો હાલ સબ જેલ સુરેન્દ્રનગર ખાતે કાચા કામના કેદી તરીકે છીએ. ઉપરોકત ગુના નંબરનો સેશન્સ કેસ નં.૩/૨૦૨૪ થી પેન્ડીંગ છે.

**(બી)** અમોને કીડનીની અંદર પથરીની તકલીફ હોય અને આ બાબતે અમો યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે જરુરી સારવાર કરાવેલ અને અમો અરજદારને કીડનીની પથરીનું ઓપરેશન કરવા અંગે અભિપ્રાય આપેલ છે. અમો કીડનીની પથરીનું ઓપરેશન ખાનગી હોસ્પિટલમા કરાવવા માંગતા હોય. જેથી શરતોને આધીન અરજદારને માનવતાના ધોરણે ૧૫ દિવસના વચગાળાના જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ ::–** આ કામે ત.ક.અમલદારશ્રીનો

રીપોર્ટ જે **આંક–૬** થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા, મુખ્યત્વે નીચે મુજબ હકીકતો છે.

૧) આ કામના અરજદાર આરોપીએ પથરીના ઓપરેશન માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટેની દિન–૧૫ ના વચગાળાના જામીન મળવા અંગેની જામીન અરજી દાખલ કરેલ હોય જે બાબતે આપ નામદાર સાહેબશ્રીને જણાવવાનું હાલમાં સરકારશ્રીની અલગ અલગ સરકારી યોજનાના લાભથી કોઈ પણ બિમારીની સારવાર સહેલાઈથી થઇ શકે જ છે તેમજ આ કામના અરજદાર આરોપીની સારવાર અમદાવાદ યુ.એન.મહેતા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર ચાલુ હોય અને યુ.એન.મહેતા હોસ્પિટલમાં અરજદાર આરોપીને તમામ સારવાર મળી રહે તેમ છે તેમ છતા અરજદાર આરોપીએ યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે સારવાર કરવાની મનાઇ કરેલ છે અને પોતે સમયસર હાજર ન થવા માટે બહાના કાઢી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરવા માટે દિન–૧૫ ની વચગાળાના જામીન મળવા અંગેની જામીન અરજી દાખલ કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. તેમજ આ કામના અરજદાર આરોપીનું તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ નિવેદન લેતા જણાવેલ છે કે, પોતે છેલ્લા અઢી વર્ષથી સબ જેલ સુરેન્દ્રનગરમાં છે. છેલ્લા સાત આઠ મહિનાથી પથરી થયેલ છે. જેની સારવાર ગાંધી હોસ્પિટલમાં ચાલુ હતી પરંતુ પથરીમાં કોઇ રાહત થયેલ ન હોય જેથી વધુ સારવાર માટે અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે લઇ ગયેલ અને ત્યા ડોકટર સાહેબે પથરીનું ઓપરેશન કરાવવાનું કીધેલ હોય અને પોતાને પથરીનું ઓપરેશન યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે ફ્રી માં થઇ શકે છે. પણ અહિયા પોતાની સારસંભાળ રાખવા વાળુ ન હોય જેથી જેથી ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા માટે દિન–૧૫ ની વચગાળાની જામીન અરજી મુકેલ છે આ સિવાય બીજુ કોઈ કારણ ન હોવાની હકિકત જણાવેલ છેજેથી અરજદાર આરોપીના વચગાળાની જામીન

મેળવવાની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૪) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલ::–**

**૪.૧)** અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

**(૫) વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો::–**

**૫.૧)** વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, મુખ્યત્વે ત.ક.અ.શ્રીના અભિપ્રાયને સમર્થનકારી દલીલ કરેલ છે અને અરજદારની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો ::–**

**૧.** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગેની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકીય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગતસ્વતંત્રતાને લક્ષમા રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**૨.** આ કામમાં ચોટીલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૦૯૨૩૦૦૧૭/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે.

**૩.** સબબ કામે અરજી, તપાસના કામે રેકર્ડ વંચાણે લીધુ. ઉભય પક્ષોની રજુઆત સાંભળી. આ કામે ત.ક.અમલદારશ્રીનો રીપોર્ટ વંચાણે લેતા, આ કામના અરજદાર આરોપીની સારવાર અમદાવાદ

યુ.એન.મહેતા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર ચાલુ હોય અને યુ.એન.મહેતા હોસ્પિટલમાં અરજદાર આરોપીને તમામ સારવાર મળી રહે તેમ છે તેમ છતા અરજદાર આરોપીએ યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે સારવાર કરવાની મનાઈ કરેલ છે અને પોતે સમયસર હાજર ન થવા માટે બહાના કાઢી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરવા માટે દિન–૧૫ ની વચગાળાના જામીન મળવા અંગેની જામીન અરજી દાખલ કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે.

૪.) આ તબકકે નામદાર હાઈકોર્ટ માર્ગદર્શક સિધ્ધાંત પ્રસ્થાપિત થતા ચુકાદો જોતાં જે નીચે મુજબ છે.

In the case of **Amrutbhai Bholidasbhai Patel Versus State Of Gujarat (2000 (3) GLR 2460)** held that,....

*"It should not be lost sight that the petitioner is an under- trial prisoner and his liberty and privilege is temporarily curtailed. He cannot have the right to select a particular doctor or particular hospital from whom or from where he should get treatment.* ***In other words, he does not have as much liberty as a free citizen enjoys to canvass the case that he should be treated by a particular doctor of his choice outside Ahmedabad and more particularly treatment which he requires is available in the City of Ahmedabad itself.*** *Therefore, he cannot be released either on regular or temporary bail for getting treatment outside Ahmedabad on the ground of ailment. (para-25)*

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા, અરજદાર આરોપીવિરુધ્ધનો આક્ષેપિત ગુનો ગંભીર પ્રકારનો હોઈ, જેથી અરજદાર આરોપીએ કામચલાઉ જામીન મેળવવા માટે જણાવેલ

કારણોસર અરજદાર આરોપીની જામીન મુકત કરવાની અરજી ન્યાયોચિત જણાઈ આવતી નથી. વધુમાં આ કામના આરોપીની સારવાર અમદાવાદ મુકામે યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર ચાલુ હોય, તેમછતાં પ્રાઈવેટમાં સારવા માટે જણાવેલ કારણ યોગ્ય અને વ્યાજબી નથી. આમ, અરજદાર આરોપી સામે આક્ષેપિત ગુનો, અરજદાર આરોપીની સદર ગુનાના કામે ભુમિકા તથા ઉપરોકત તમામ સંજોગો અને રેકર્ડ ધ્યાને લેતા, ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપીની હાલની વચગાળાના જામીન મેળવવાની અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

(૨) વધુમાં સબજેલને હુકમ કરવામાં આવે છે કે, હાલના આરોપીને મેડીકલ અભિપ્રાય પ્રમાણે સારવાર આપવી જરૂરીયાત લાગે તો, બીનચુક જેલરશ્રીએ તાત્કાલીક સારવાર કરાવવી. જે લગતની હાલના હુકમની યાદી જેલરશ્રીને કરવી.

આજ તારીખ–૦૬, માહે : માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૦૬–૦૩–૨૦૨૬.

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)